# ડીસા સહિત જિલ્લામાં હળવા વરસાદની આગાહી, ખેડૂતોના જીવ ફરી એકવાર તાળવે

ડીસા સહિત જિલ્લામાં ઉત્તર ભારતની બરફ વર્ષાના પગલે મોડે મોડે ઠંડીનું જોર વધી રહ્યું છે પરંતુ અરબી સમુદ્રમાં ફૂલ સીઝનમાં પણ વરસાદ પડવાની શક્યતા જણાઈ રહી છે અરબી સમુદ્રમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પગલે ત્યાં ફરી એકવાર વરસાદની આગાહીના પગલે ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે અને જગતનો તાત ચિંતામાં ગરકાવ થઈ ગયો



સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બનસના કારણે જિલ્લામાં આવતીકાલ ગુરુવારે ફરી હળવો વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ચાલુ વર્ષે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં સતત કમોસમી વરસાદના પગલે ખેતીના પાકોને વ્યાપક નુકસાન થયું છે તેમછતાં હજુ શિયાળાની સર્જાયેલ લો પ્રેશરના કારણે આવતીકાલે એટલે કે ૧૨ મી ડિસેમ્બરે જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે એક તરફ સતત કમોસમી વરસાદથી ખેડૂતો ધોવાઈ ગયા છે તેમછતાં ઉછીના પાછીના કરી મોંઘા બિયારણ અને ખાતર લાવી શીયાળુ વાવેતર કરી ચૂક્યા છે છે ડીસા પંથમાં મોટા ભાગે બટાકાનું વાવેતર મોટા પ્રમાણમાં થયું છે છેલ્લા ચાર વર્ષથી મંદીની માર સહન કરતા ખેડુતને ખેતી માટે શ્રેષ્ઠ ગણાતી શિયાળુ સીઝનમાં આ વર્ષે સારા ઉત્પાદન સાથે ભાવની આશા છે પરંતુ વરસાદની આગાહીના પગલે સિઝન બગડવાની ભીતિ પણ સેવાઈ રહી છે.



## ડીસામાં ચાર વર્ષથી મંદીનો માર સહન કરતા ખેડૂતો હિંમત હાર્યા

સમગ્ર રાજ્ય અને દેશમાં બટાકા નગરી તરીકે આગવી ઓળખ ધરાવતા ડીસામાં હવામાન અને મીઠું પાણી બટાકા પાક માટે અતિ અનુકુળ છે. તેથી ડીસા પંથકમાં શિયાળામાં બટાકાનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે અને ડીસાના બટાકાની દેશ સહિત વિદેશમાં પણ માંગ રહે છે. જો કે છેલ્લા ચાર વર્ષથી સતત બટાકાના ભાવને મંદીનું ગ્રહણ લાગ્યું છે જે ભયંકર મંદીના કારણે ખેડૂતો બેહાલ અને દેવાદાર બન્યા છે. જેના કારણે કેટલાય ખેડૂતોએ આપઘાત જીવનલીલા અકાળે સંકેલી લીધી છે. બટાકાની સતત મંદીને લઈ અન્ય ધંધા-રોજગારને પણ અસર થતા બજારમાં પણ મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. આમ છેલ્લા ચાર વર્ષથી મંદીનો સામનો કરતા ખેડુતોની આ વર્ષે હિંમત તૂટી જતા બટાકાના વાવેતરમાં પાછી પાની કરી રહ્યા છે. જેના પગલે ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે બટાકાના વાવેતરમાં ૨૦ ટકા જેટલો ચોંકાવનારો ઘટાડો નોંધાવા પામ્યો છે. ખેડૂતો બટાકાને બદલે અન્ય રોકડીયા પાક તરફ આકર્ષાયા છે.

**૫૪૭૦ હેક્ટર જમીનમાં વાવેતર ઘટ્યું :** આ બાબતે ડીસા ખેતીવાડી વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે ગત વર્ષે બટાકાનું ૪૦૪૮૪ હેકટર જમીનમાં વાવેતર થયું હતું જ્યારે આ વર્ષે ૩૫૦૧૪ હેકટર જમીનમાં જ બટાકાનું વાવેતર થયું છે. મતલબ ગત વર્ષ કરતા ૨૦ ટકા એટલે કે ૫૪૭૦ હેકટર જમીનમાં બટાકાનું વાવેતર ઓછું થવા પામ્યું છે.

## પાલનપુરમાં દારૂ પી ટ્રક હંકારતો વાહનચાલક ઝડપાયો

પાલનપુરમાં દારૂ પીધેલી હાલતમાં બેફામ રીતે વાહનો ચલાવતા વાહન ચાલકો સામે પોલીસે લાલ કરી છે. જેમાં દારૂ પીધેલી હાલતમાં ટ્રક હંકારતા વાહન ચાલક ઝડપાઈ ગયો હતો. રાજસ્થાનના બાડમેર જિલ્લાના છેડવા તાલુકાના સારલાગામના નાનગારામ ચૌધરીને પોલીસે દારૂ પીધેલી હાલતમાં ટ્રક ચલાવતા ઝડપીને તેની સામે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બિનસચિવાલય પરીક્ષાએ એસટી કર્મચારીની ઉંઘ હરામ કરી દીધી

## પ્રાંતિજના વદરાડ ગામના યુવાને પરીક્ષા ન આપી હોવા છતાં ગેરરીતિ આચરી હોવાની નોટિસ

ત્રણ સપ્તાહ પહેલા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાલય કારકુન અને ઓફિસ આસિસ્ટન્ટની ભરતી માટે લવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે રાજયના અનેક કેન્દ્રોમાં પરીક્ષામાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનું બહાર આવતા ઉમેદવારોએ પરીક્ષા રદ કરોની માંગ સાથે ગાંધીનગરમાં આંદોલન કરવામાં આવતા સરકારે તમામ કેસની તપાસ માટે રાજ્ય સરકારે સીટની રચના કરી છે.

સુરેન્દ્રનગરના એક સેન્ટર પરથી પરીક્ષામાં ચોરી કરવામાં આવતી હોવાના સીસીટીવી પણ સામે આવ્યા હતા. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે સીસીટીવી ફૂટેજોની તપાસ કરીને ગેરરીતિ કરતા પકડાયેલા પરીક્ષાર્થીઓને નોટિસ આપવાનું શરૂ કર્યું છે. આ દરમિયાન પ્રાંતિજના એક પરીક્ષાર્થીને પણ નોટિસ મળી છે. નવાઈની વાત એ છે કે આ પરીક્ષાર્થીએ પરીક્ષા આપી જ ન હતી.

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના વડરાડ ગામના અપૂર્વકુમાર દિનેશભાઈ પટેલને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તરફથી એક નોટિસ મળી છે. આ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે તા. ૧૭-૧૧ના રોજ લેવાયેલી પરીક્ષામાં ઉમેદવાર સુરજબા હાઈસ્કૂલ યુનિટ-૨, બેઠક નંબર ૧૫૦૦૨૧૬૨૬૬થી પરીક્ષા આપવા માટે હાજર હતો.

આ પરીક્ષામાં પરીક્ષાર્થીએ ગેરરીતિ આચરી હતી. પસંદગી મંડળ તરફથી સીસીટીવી તપાસવામાં આવતા આ વાતનો ખુલાસો થયો છે. આ મામલે તા. ૯મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ઉમેદવારને રૂબરૂ બોલાવી ખુલાસો આપવા જણાવાયું છે. સાથે એવી સૂચના પણ આપવામાં આવી છે કે જો પરીક્ષાર્થી નિશ્ચિત તારીખ અને સમયે ગૌણ સેવા પસંદગી મંડળ સમક્ષ હાજર રહીને યોગ્ય ખુલાસો નહીં કરે તો અવું માની લેવાશે કે તેઓ આ મામલે કંઈ કહેવા માંગતા નથી અને તેમણે પરીક્ષામાં ગેરરીતિ આચરી છે તેવું માનીને તેમની સામે ફોજદારી સહિત નિયમ પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવશે.



### અપૂર્વ પટેલે સોશ્યલ મીડિયામાં વિડીયો વાઈરલ કરી સત્યની તાપસ કરવામાં આવેની માંગ કરી

હું ગુજરાત એસ.ટી.માં કંડક્ટર તરીકે ફરજ બજાવું છું. ૧૭મી તારીખે એટલે કે પરીક્ષાના દિવસે હું બોટાદથી હિંમતનગર લાઈનમાં નોકરી પર હાજર હતો. આ બસ સવારે છ વાગ્યે ઉપડીને હિંમતનગર જાય છે, આ બસ બપોરે ૧.૩૦ વાગ્યા હિંમતનગરથી રાત્રે આઠ વાગ્યે બોટાદ આવે છે. હું નોકરી પર હાજર હતો તો મારું નામ કઈ રીતે સીસીટીવીમાં આવે ? આ વીડિયો વાયરલ થવાને કારણે મારું જીવવું હરામ થઈ ગયું છે. હું ખૂબ ચિંતામાં છું. મને અસંખ્ય ફોન કોલ આવી રહ્યા છે. હું સરખી રીતે નોકરી પણ કરી શકતો નથી. મેં આજ દિવસ સુધી આવી કોઈ જ ગેરરીતિ કરી નથી. મહેરબાની કરીને મારા ખોટો વીડિયોને ફોરવર્ડ કે તેના પર કોમેન્ટ ન કરો.

## કોતરવાડામાં છોકરાઓને કેમ હેરાન કરો છો કહી માર મારતા ફરીયાદ

દિયોદર તાલુકાના કોતરવાડા ગામે રહેતા ખેંગારજી ઠાકોરે તેમના ગામના જયંતીજી ઠાકોર, પ્રહલાજી ઠાકોર, ભાવાજી ઠાકોર અને અનોપજી ઠાકોર સામે દિયોદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે કે આ ઈસમોએ કહેલ કે અમારા છોકરાઓને કેમ હેરાન કરો છો તેમ કહી અપશબ્દો બોલી ગીનીબેન નામની મહિલાને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાની ફરિયાદ નોંધાવા પામી છે.

### મહેસુલી કર્મચારીઓની હડતાળના પગલે

# ડીસાની સરકારી કચેરીઓમાં આવતા અરજદારો અટવાયા

### સરકાર અને કર્મચારીઓની લડાઈમાં પ્રજાનો મરો

ડીસા, તા. ૧૦

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના મહેસુલી કર્મચારીઓ પોતાની માંગણીઓ સંદર્ભે સરકાર સમક્ષ લડત ચલાવી રહ્યા છે ૧૭ મુદાઓને લઈને સરકાર પાસે પોતાની માંગણીઓ મુકવામાં આવી હતી, પરંતુ સરકારે કોઈ જવાબ ના આપતા ગુજરાત મહેસુલી કર્મચારી મંડળના આદેશથી હડતાલનું શસ્ત્ર ઉગામ્યુ છે. જેમાં ડીસાના જન સેવા કેન્દ્ર તેમજ મધ્યાહન ભોજન, પુરવઠા વિભાગ તથા સર્કલ ઓફીસમાં સરકારી કર્મચારીઓ કામથી અળગા રહ્યા હતા તેથી સરકારી કચેરીઓ સુમસામ જોવા મળી હતી. જેના કારણે દુર દુરથી આવતા અરજદારોને હડતાલની માહીતી ના હોઈ સરકારી કચેરીઓમાં રઝળતા નજરે પડ્યા હતા. અરજદારોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે સરકાર અને મહેસુલી કર્મચારીઓની લડાઈમાં આમ જનતા હાલાકી ભોગવી રહી છે. સરકાર દ્વારા તાત્કાલિક અસરથી મહેસુલી કર્મચારીઓની માંગણી સંદર્ભે યોગ્ય રીતે નિકાલ લાવવામાં આવે જેથી અરજદારોની હાલાકી ઓછી થઈ શકે છે. જ્યારે કેટલીક કચેરીઓમાં સરકાર દ્વારા રેવન્યુ વિભાગને જવાબદારી સોંપવામાં આવી છે પરંતુ સ્ટાફની ઘટ હોઈ મહેસુલી કચેરીઓમાં પુરતી વ્યવસ્થા ઉભી થઈ શકે તેમ નથી જેથી સરકાર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી પ્રબળ લોક માંગ ઉઠવા પામી છે.



# પ્રાંતિજ એપ્રોચરોડ પર ભંગાર બસોનો ખડકલો


પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ પર ભંગાર બસોનો ખડકલો કરી દેવામાં આવતા અવરજવર કરતા વાહનચાલકોને પરેશાની તો રાત્રીના સમયે મોટો અકસ્માતની ભીતી સેવાઈ રહી છે.પ્રાંતિજ ત્રણ રસ્તાથી એપ્રોચરોડ રોડ ઉપર આવેલ એસટી ડેપો બહાર મેઈનરોડ ઉપર છેલ્લા ત્રણ દિવસથી ભંગાર બસો રોડની બન્ને સાઈડમાં ઉભી કરી દેવામાં આવતા રોડ સાંકળો થઇ ગયો છે. અહીથી દિવસ દરમ્યાન હજારોની સંખ્યામાં નાના મોટા વાહનો અવરજવર કરે છે. આ રોડ ઉપર સોસાયટીઓ પણ આવેલ છે અને મહિલાઓ બાળકો સહિત સોસાયટીના રહીશો પણ આ રોડ ઉપર અવરજવર કરે છે. રોડની બાજુમા ખડકાઈ દેવામાં આવેલ ભંગાર બસોને લઇને અવાર-નવાર ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. રાત્રી દરમ્યાન મોટો અકસ્માત નોતરે તો નવાઈ નહી. ત્યારે હાલ તો જેની જવાબદારી છે તે તંત્ર ગૌર નિંદ્રામાં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.



## ડીસા આખોલ ચોકડી નજીક કાર પલટી, સદનસીબે જાનહાની ટળી

ડીસાથી કંડલા હાઈવેને જોડતા હાઈવે ઉપર અખોલ નજીક આવેલા ઓવરબ્રિજ ઉપર અવાર નવાર અકસ્માત સર્જાતા હોય છે થોડા સમય અગાઉ બ્રિજ ઉપરથી એક હિટાચી મશીન નીચે



પટકાયું હતું સદભાગ્યે કોઈ અવર જવર ના હોઈ જાનહાની ટળી હતી જે ઘટના બાદ ગત સોમવારે મોડી સાંજના સુમારે રાજસ્થાનના એક વેપારી પોતાની કાર (ન.આર.જે .૨૭ સી એચ ૭૨૦૭)લઈ ભીલડી તરફ જતા હતા તે દરમિયાન અચાનક કાર ચાલકે સ્ટિયરિંગ ઉપરનો કાબુ ગુમાવતા કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી જેથી કારના બોનેટના ભાગના ફુરચા ઉડી જવા પામ્યા હતા અકસ્માતના પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા સદભાગ્યે જાનહાની ટળી જતા તમામે હાશકારો અનુભવ્યો હતો.

### અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ

# જિલ્લાના છ તાલુકાઓમાં આગામી ૨૮ ડિસેમ્બરના રોજ શિક્ષકસંઘની ચૂંટણી યોજાશે

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું. જિલ્લાના મોડાસા, માલપુર, મેઘરજ, બાયડ, ધનસુરા અને ભિલોડા તાલુકાના શિક્ષકો મતદાન કરી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખને ચૂંટશે.

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ હતું. જેમાં પ્રથમ મતદાર યાદી ૧૦ ડિસેમ્બરના રોજ પ્રસિધ્ધ કરવામાં આવશે. મતદારયાદીમાં વાંધા રજૂ કરવા ૧૧ ડિસેમ્બર નક્કિ કરવામાં આવી છે. જ્યારે છેલ્લી સુધારા મતદારયાદી ૧૩ ડિસેમ્બરના રોજ પ્રસિધ્ધ કરવામાં આવશે. અરવલ્લી જિલ્લાના મોડાસા, માલપુર, મેઘરજ, બાયડ, ધનસુરા અને ભિલોડા તાલુકાના પ્રાથમિક શિક્ષકોને મતદાન સંપૂર્ણ સુરક્ષીત અને ચૂંટણીપંચના નિયમો અનુસાર કરાવવામાં આવશે. ત્યારે જિલ્લા અને તાલુકા ઉમેદવારી ફોર્મ મેળવવા અને સ્વીકારવા માટે ૧૪ અને ૧૫ ડિસેમ્બર નિર્ધારીત કરવામાં આવી છે. ઉમેદવારની ફોર્મની ચકાસણી ૧૬ ડિસેમ્બરના રોજ કરવામાં આવશે અને ઉમેદવારી ફોર્મ ૧૮ તારીખે પાછા ખેંચી શકાશે. પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં કેટલા ઉમેદવારો ચૂંટણી લડશે તે ૧૯ ડિસેમ્બરના રોજ ચિત્ર સ્પષ્ટ થઈ જશે આ દિવસે ઉમેદવારોના નામ પ્રસિધ્ધ કરવામાં આવનાર હોવાનું અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના સૂત્રોમાંથી જાણવા મળ્યું હતું. જ્યારે ૨૮ ડિસેમ્બરના રોજ વિધિવત રીતે મતદાન યોજાશે.

**જિલ્લા અને તાલુકા મતગણતરીના સ્થળો :** આગામી ૨૮ ડિસે.ના રોજ અરવલ્લી જિલ્લા પ્રથમિક શિક્ષક સંઘની ચૂંટણીનું મતદાન યોજાવાનું છે ત્યારે જિલ્લા-તાલુકાની મતગણતરીના કેન્દ્રો નક્કિ કરી દેવામાં આવ્યા છે. જેમાં જિલ્લાની મતગણતરીનું સ્થળ મેઘરજની ટીચર્સસોસાયટી ખાતે ૨૯ ડિસેમ્બરના રોજ યોજાશે. જ્યારે તાલુકાની મતગણતરી ૨૮ ડિસે. મોડાસા શાળા નં-૧, માલપુર શાળા નં-૧, મેઘરજ શાળા નં-૨, બાયડ સ્ટેશન શાળા, ધનસુરા શાળા નં-૧ અને ભિલોડા શાળા નં-૧ ખાતે યોજાશે.

# મોડાસા ડેપો નજીક ખાનગી વાહનને હટાવી દેવાનું કહેતાં એસટી ડ્રાઈવર સાથે બબાલ

### અડધો કલાક મગજમારી પછી ડેપો મેનેજરની સમજાવટથી મામલો થાળે પડ્યો

મોડાસા, તા. ૧૦

મોડાસા ખાતે નવીન એસટી ડેપો નિર્માણાધિન છે ત્યારે હંગામી વ્યવસ્થાના ભાગરૂપે મેઘરજ રોડ ઉપર સહકારી જીન ખાતે એસટી ડેપો શરૂ કરવામાં આવ્યો છે. ત્યારે ડેપોમાંથી બસો બહાર નિકળે તે સમયે મેઘરજ રોડ ઉપર ખાનગી વાહનોનો ભારે ત્રાસ રહેતો હોય છે. માર્ગની વચોવચ પેસેન્જરોને લેવા માટે ખાનગી વાહનચાલકો અડીંગો જમાવી દેતાં હોય છે. સોમવારના રોજ આવા જ એક વાહનચાલકે પોતાનું ખાનગી વાહન રસ્તાની વચ્ચે રાખ્યું હતું જેને એસટી ડ્રાઈવરે હટાવી દેવાનું કહેતાં તેણે બબાલ કરી હતી. અડધો કલાક ચાલેલી મગજમારીમાં ડેપો મેનેજરની દરમિયાનગીરીથી મામલો શાંત થયો હતો.



મોડાસા ચાર રસ્તા અને હંગામી બસ ડેપો આગળ ખાનગી વાહનચાલકોનો અડિંગો જામેલો હોય છે. ચાર રસ્તાથી અનેક ઠેકાણે પહોંચાડવા માટે જીપ તેમજ અન્ય વાહનો ખીચોખીચ ભરીને લઈ જવાતી હોય છે. ચાર રસ્તા ખાતે તો પોલીસના નાક નીચેથી વાહનો બેખૌફ બનીને ભરી દેવાતાં હોવા છતાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ત્યારે સોમવારના રોજ બસ ડેપોની બહાર એક ખાનગી વાહન ચાલકે પોતાનું વાહન રસ્તામાં મુકી દઈ બિન્દાસ્ત ઉભો રહ્યો હતો. ત્યારે ડેપોમાંથી બસ બહાર આવવા છતાં તેણે પોતાનું વાહન હટાવ્યું ન હતું. જેને પગલે બસ ડ્રાઈવરે વાહન હટાવવા માટે કહ્યું પરંતુ તેણે વાહન ન હટાવતાં વાત વણસી અને બોલાચાલીમાં પરિવર્તીત થઈ હતી. અડધો કલાક સુધી આ બબાલ ચાલી હતી જો કે કેટલાક લોકોએ એમ પણ કહ્યું હતું કે ખાનગી વાહનચાલકે એસટી બસના ડ્રાઈવરને લાફો પણ ઝીકી દીધો હતો પરંતુ આ અંગે મોડાસા એસટી ડેપો મેનેજર એસ.આઈ. પ્રજાપતિ સાથે વાત કરતાં તેઓએ જણાવ્યું હતું કે ડ્રાઈવરને લાફો મારવામાં આવ્યો નહોતો જો લાફો માર્યો હોત તો અમે પોલીસ ફરિયાદ કરત. પરંતુ ડેપો મેનેજરે દરમિયાનગીરી કરી સમગ્ર બબાલ શાંત કરી હતી.

## ભેમાળ ક્વોરી પાસે ઈસમને માર મારતા ફરિયાદ

દાંતા તાલુકાના ભેમાળ ક્વોરી પાસે એક ઈસમને માર મારતા પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. જેમાં બાબુભાઈ નાઈએ તેમના ગામના બાબુભાઈ રાવળ, રાકેશભાઈ રાવળ, અલ્પેશભાઈ રાવળ, અંબાલાલ રાવળ સામે ફરીયાદ નોધાવી છે કે ઉપરોક્ત ઈસમોએ બાબુભાઈ નાઈને કહેલ કે તું અમારા ટ્રેક્ટરના ડ્રાઈવરને કામ પર રહેવા દેતો નથી તેમ કહી લાકડીઓથી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવા પામી છે. જ્યારે સામે પક્ષે પણ રાકેશભાઈ રાવળે દાંતા પોલીસ મથકે બાબુભાઈ નાઈ, નવીનભાઈ નાઈ, જયેશભાઈ નાઈ સામે ફરિયાદ નોંધાવી છે.